GJMH010028872026

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮–૦૮–૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૮–૦૮–૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૨૧–૦૮–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૦ ૦૩ |

**<u>મહેસાણાના ચોથા અધિક સેસન્સ જજ તે સ્પે.જજ (પોકસો)ની અદાલતમાં</u>**

**ફોજદારી પરચુરણ અરજ નંબર: ૯૬૬/૨૦૨૬**

આંક:

| | | |
|---|---|---|
| <u>અરજદાર</u> | : | (૧) મોનિકાબેન ઉર્ફે પિન્કીબેન કૌશલભાઇ ઉપાધ્યાય<br>ઉ.વ.આ.૪૪, ધંધો–ધંધો–ઘરકામ,<br><br>(૨) કૌશલકુમાર મહાદેવપ્રસાદ જાતે ગુરૂ (ઉપાધ્યાય)<br>ઉ.વ.આ.૪૫, ધંધો–કર્મકાંડ,<br>બન્ને રહે. મું.આંબલીયાસણ સ્ટેશન, મહાદેવ મંદીર,<br>તા.જી.મહેસાણા.<br>અરજદાર નં.૧ હાલ– પાટણ જીલ્લા જેલ<br>અરજદાર નં.૨ હાલ– મહેસાણા જીલ્લા જેલ. |
| | | <u>વિરૂધ્ધ</u> |
| <u>સામાવાળા</u> | : | ધી સ્ટેટ ઓફ ગુજરાત |

| | | |
|---|---|---|
| <u>બાબત</u> | : | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે અરજ... |

| | | |
|---|---|---|
| અરજદારો તરફે | : | વિ.વ.શ્રી એચ.એચ.લીમ્બાચીયા |
| સામાવાળા તરફે | : | વિ.એપીપીશ્રી એ.એસ.મકવાણા |

**◄॥ ઠ રા વ ॥►**

(૧) આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ ૪૮૩ (સીઆર.પી.સી કલમ ૪૩૯) અન્વયે અરજદારોએ જામીન પર મુકત થવા ગુજારેલ છે.

(૨) લાંઘણજ પોલીસ સ્ટેશનમાં પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૩૮૨૬૦૫૧૯/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૨૬(૨), ૭૫(૧), ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૧)(ડબ્લ્યુ)(૧)(૨), ૩(૧) (ઝેડ–એ)(સી), ૩(૨)(૫એ) તથા પોકસો એકટની કલમ–૧૨ સબબનો ગુનો નોંધાયેલ છે. આ ગુના કામે અરજદારોની પોલીસ દ્ધારા ધરપકડ કરવામાં આવેલ છે અને ત્યારથી અરજદારો જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદારોએ આંક–૩ ની પુરસીસથી એવી હકીકત જાહેર કરેલ છે કે, આ અરજી ગુનો નોંધાયા બાદ જામીન મેળવવા પ્રથમ વખત અરજી કરેલ છે.

(૩) નોટીસની બજવણી થતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.એસ.મકવાણા ઉપસ્થિત રહેલ છે અને તપાસ કરનાર અમલદારશ્રીએ સોગંદનામું રજૂ કરેલ છે. મુળ પ્રથમ બાતમીદાર પણ તેના વિ.વ.શ્રી સાથે ઉપિસ્થત રહેલ છે અને મુળ પ્રથમ બાતમીદારે આંક ૯ થી સોગંદનામુ રજુ કરી જામીન અરજી વિરૂધ્ધ વાંધા ઉપસ્થિત કરેલ છે.

(૪) અરજદારોએ નિ.૪/૧ થી પ્રથમ બાતમી અહેવાલની નકલ તથા નિ.૪/૨ થી અરજદાર નં.૧ ધ્વારા આ કામના ફરીયાદી સામે કરેલ એફ.આઇ.આર.ની નકલ રજુ કરેલ છે.

(૫) અરજદારો તરફેની રજુઆત એવી છે તેમજ અરજીની ટુંક હકીકત એવી છે કે, અરજદારોને ગુના કામે ખોટો શક રાખી સંડોવણી કરેલ છે, અરજદારો તદ્દન નિર્દોષ છે, અરજદારોને અટક કરવા અંગેના કોઇ કારણ દર્શાવેલા નથી, અરજદારોએ એફ.આઇ.આરમાં લગાડવામાં આવેલ કલમો મુજબનુ કૃત્ય કરેલ નથી, અરજદારો પર મુકવામાં આવેલ આરોપની સજા સાત વર્ષથી ઓછી છે, અરજદારો કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી અને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો માનસ પર વિપરીત અસર થાય તેમ છે, અરજદારો પર પરિવારના ભરણપોષણની જવાબદારી છે, અદાલત જે કોઈ રકમના જામીન આપવાનો હુકમ કરે તે મુજબના જામીન રજૂ કરવા તેમજ જે કોઈ શરતોનુ ફરમાન કરે તે શરતોનુ પાલન કરવા અરજદારો તૈયાર છે જેથી અરજદારોને જેલ નહી બેલના સિધ્ધાંત મુજબ જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(૬) જે વિરૂદ્ધ વિ.એ.પી.પી.શ્રી.એ તપાસ કરનાર અમલદારશ્રીએ રજૂ કરેલ સોગંદનામા અનુસાર દલીલ કરેલ છે કે અરજદારોનું નામ શરૂઆતથી એફ.આઈ.આરમાં છે, એફ.આઈ.આર મુજબ હાલના અરજદારોએ ગંભીર ગુનો આચરેલ છે, અરજદાર નં.૨ નાએ પ્રથમ બાતમીદારની બહેનનું ગળુ પકડી ઉપર બેસી જઇ તેણીના શરીરે ઇરાદાપુર્વક બેડ ટચ કરી છેડતી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનાહીત કૃત્ય આચરેલ છે. ગુનાના કામે અરજદાર/આરોપીઓની સંડોવણી સ્પષ્ટપણે પ્રતિત થાય છે, ગુનાની તપાસ હાલ ચાલુ છે, અરજદારો તથા ફરિયાદી અને સાહેદ એક જ ગામના હોઇ જામીન મુક્ત કરવામાં આવે તો ફરિયાદી અને સાહેદને ધાકધમકી કે પ્રલોભન આપી સુલેહ શાંતી ભંગ કરે તેવી સંભાવના રહેલી છે તેમજ ફરિયાદી, સાહેદ તથા તથ્યો સાથે ચેડા કરે તેવી શકયતા રહેલ છે જેથી હાલ તપાસ ચાલુમાં હોઇ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) અરજી વંચાણે લીધી. તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામુ વંચાણે લીધુ. મુળ પ્રથમ બાતમીદાર ધ્વારા રજુ કરવામાં આવેલ સોગંદનામુ વંચાણે લીધું. પક્ષકારો તરફે કરવામાં આવેલ ઉપરોક્ત દલીલો ધ્યાને લીધી. અરજદારોએ આ અરજી જામીન પર મુકત થવા ગુજારેલ હોવાથી આ તબકકે એ નોંધવુ આવશ્યક છે કે નામદાર શ્રી સુપ્રીમકોર્ટ અને નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે ઘણા બધા ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જામીન પર મુક્ત થવાની અરજીનો નિર્ણય કરતી સમયે અદાલતે ગુણદોષની ઉંડાણપુર્વકની ચર્ચા કરવાની રહેતી નથી. દરેક કેસની હકીકત, ગુન્હાની ગંભીરતા, અરજદાર/આરોપીએ ગુનામાં ભજવેલ ભાગ અરજદાર/આરોપીનો ગુનાહીત ઈતીહાસ વગેરે પરીબળો ધ્યાને લઈ જામીન પર મુક્ત થવાની અરજીનો નિર્ણય અદાલતે કરવાનો રહે છે.

(૮) હાથ પરના કિસ્સામાં પ્રથમ બાતમી અહેવાલ વંચાણે લેવામાં આવે તો પ્રથમ બાતમીદારે એવી હકીકત જાહેર કરેલ છે કે, તારીખ–૧૩/૦૮/૨૦૨૬ ના રોજ શ્રાવણ મહીનાનો પહેલો દિવસ હોઈ સાંજના આશરે સાડા છ વાગે પ્રથમબાતમીદાર તથા તેની નાની બહેન સોલંકી પ્રિયાબેન ધીરજભાઈ ઉવ.૧૭ એ રીતેના આંબલીયાસણ સ્ટેશન ખાતે આવેલ ભાલકેશ્વર મહાદેવ મંદિરે દર્શન કરવા સારૂ મંદિરમાં પ્રવેશતાં, મંદિરમાં રહેતાં મોનીકાબેન ઉર્ફે પિન્કીબેન કૌશલભાઈ ઉપાધ્યાય કહેવા લાગેલ કે, ''તું બહાર નીકળ, મંદિરમાં નહી જવાનુ, તુ ભંગી છે, તને ખબર પડતી નથી, તું શા માટે આવે છે'' તેમ કહી ગાળો બોલવા લાગતાં ફરીયાદીએ તેઓને કહેલ કે, ''કેમ ના જવાય, હું મારા કાકા સાથે વાત કરાવું તેમ કહી મોનીકાબેન ઉર્ફે પિંકીબેન સાથે તેમના કાકા પ્રકુલભાઈ સાથે વાત કરાવતાં પ્રથમ બાતમીદારને કહેલ કે, ''પ્રકુલભાઈ આવે કે કોઈ બી આવે ' મને ડર નથી લાગતો કોઈનો ''તેમ કહી ફોન કટ કરી દીધેલ. તે પછી પ્રથમ

બાતમીદારે સાહેદ અંજલીને ફોન કરી આ વાત કરતાં કહેલ કે, ''કંઈ વાંધો નહી તુ લેખિતમાં લઇ લે, વિડીયો રેકોર્ડીંગ ચાલુ રાખજે, આપણે ગ્રામ પંચાયત કે પોલીસમાં જાણ કરીશુ '' તેમ કહી ફોન કટ કરતાં ફરીયાદીએ પોતાના મોબાઇલ ફોનમાં વિડીયો ચાલુ કરતાં તહોમતદાર નંબર-૨ મોનીકાબેન ઉર્ફે પિંકીબેને ફરીયાદીનો હાથ પકડી નીચે ઉતરી જવાનુ કહેલ પરંતુ પ્રથમ બાતમીદાર નીચે ઉતરેલ નહી જેથી તેમની દિકરી બબુ આવી જઈ પ્રથમ બાતમીદારને કહેવા લાગેલ કે, ''આ બધી પ્રોપર્ટી મારા બાપની છે જેથી પ્રથમ બાતમીદારે કહેલ કે, આ પ્રોપર્ટી તારા બાપની હોય તો કાગળ બતાવ'' તેમ કહેતાં ફરીયાદીના ફોનમાં વિડીયો ચાલુ હોઈ જે જોઈ જતાં તેણીએ તહોમતદાર નંબર-૨ મોનીકાબેન ઉર્ફે પિંકીબેને કહેતાં પિન્કીબેન તથા તહોમતદાર નંબર-૧ તેમના પતિ કૌશલભાઈ ઉપાધ્યાય નાઓ એકદમ ફરીયાદી તરફ ધસી આવી તહોમતદાર નંબર-૧ કૌશલભાઇએ પ્રથમ બાતમીદારનો ફોન છીનવી લઇ, તેની સાથે મારામારી કરતાં સાહેદ પ્રિયાબેન બચાવવા વચ્ચે પડતાં તેણીના વાળ તહોમતદાર નંબર-૨ મોનીકાબેન ઉર્ફે પિંકીબેને પકડી ધક્કો મારતાં તે દિવાલે અથડાઈ નીચે પડી ગયેલ જેથી તહોમતદાર કૌશલભાઇએ પ્રિયાનુ ગળુ પકડી ઉપર બેસી જઇ તેણીના શરીરે ઈરાદાપુર્વક બેડ ટચ કરી છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલી.

(૯) આમ, પ્રથમ બાતમી અહેવાલમાં જાહેર કરવામાં આવેલ ઉપરોકત હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલના અરજદારોનુ નામ પ્રથમ બાતમી અહેવાલમાં છે અને તે રીતે અરજદારો વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાઈ આવે છે. આ સબબ અરજદારો તરફેના વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે અરજદારોને અટક કરતી સમયે અટક કરવાના કારણો જણાવવામાં આવેલ નથી પરંતુ તે રજુઆત સાથે આ અદાલત સંમત થતી નથી, કારણ કે, પ્રોડકશન પેપર્સ વંચાણે લેતાં એવું ફલીત થાય છે કે તપાસ કરનાર અમલદારે

આરોપીઓને અદાલત સમક્ષ રજુ કરેલ તે સમયે ધરપકડ કર્યાના કારણોનુ લીસ્ટ રજુ કરેલ છે.

(૧૦) તહોમતદારો વિરૂધ્ધ પોકસો એકટની કલમ ૧૨ ના આક્ષેપો છે આ સબબ એફ.આઇ.આર. લક્ષ્ય પર લેવામાં આવે તો માત્ર ખરાબ ટચ કરવા લાગેલ તેટલો ઉલ્લેખ છે. વળી, આ સબબ જે સજાની જોગવાઇ કરવામાં આવેલ છે તે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધીની કેદની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત અરજદારો વિરૂધ્ધ જે કોઇ આક્ષેપો કરવામાં આવેલ છે તે તમામની સજાની જોગવાઇ વધુમાં વધુ સાત વર્ષ સુધીની કેદની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે. અરજદાર / આરોપીઓ સ્થાનીકના રહેવાસી છે અને જેથી ટ્રાયલ દરમ્યાન તેમની હાજરી સુનિશ્રિત થઇ શકે તેમ છે તેવું આ તબકકે માનવાને કારણ રહે છે. આ તબકકે મુળ ફરીયાદી તરફે વાંધા રજુ કરી જે ભય વ્યકત કરવામાં આવેલ છે તે જરૂરી શરતો લાદી નિયંત્રીત કરી શકાય તેમ છે તેવું આ અદાલતનુ માનવુ છે. વિશેષમાં, તપાસ કરનાર અમલદારના સોગંદનામા અનુસાર અરજદાર/આરોપીઓ કોઇ ગુન્હાહીત ભુતકાળ ધરાવતા નથી જેથી જામીન પર મુકત કરવાની વિવેકબુધ્ધીની સત્તાનો ઉપયોગ કરવો ન્યાયના હીતમાં ઉચીત જણાય છે.

(૧૧) જામીન પર મુક્ત કરવાની સત્તા અદાલતની વિવેકબુદ્ધીની સત્તા છે, જે સત્તાનો ઉપયોગ દરેક કિસ્સાની હકીકત, સંજોગો, અરજદાર / આરોપીઓએ ભજવેલ રોલ વગેરે પરીબળો ધ્યાને લઈ અદાલતે કરવાનો રહે છે. હાથ પરના કિસ્સામાં ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા અનુસાર અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ જે કોઇ આક્ષેપો કરવામાં આવેલ છે તેની સજાની જોગવાઇ વધુમાં વધુ સાત વર્ષ સુધીની કેદની સજાની જોગવાઇ કરવામાં આવેલ છે, અરજદાર/આરોપીઓ સ્થાનિકના રહેવાસી હોવાથી ટ્રાયલ દરમ્યાન અરજદાર/આરોપીની

હાજરી મળી રહેશે તેવું જણાઇ આવતું હોઇ, અરજદાર/આરોપીઓ અદાલત જે રકમના ફરમાવે તે રકમના જામીન આપવા તેમજ જે કોઇ શરતોનુ ફરમાન કરવામાં આવે તે શરતોનુ પાલન કરવા તૈયાર હોઈ વિશેષ ગુણદોષ પરની ચર્ચા આવશ્યક જણાતી ન હોઇ, અરજદારોને જામીન મુકત કરવાનો હુકમ ફરમાવવો ન્યાયના હિતમાં ઉચિત જણાય છે. પરિણામે, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપીઓ (૧) મોનિકાબેન ઉર્ફે પિન્કીબેન કૌશલભાઇ ઉપાધ્યાય, (૨) કૌશલકુમાર મહાદેવપ્રસાદ જાતે ગુરૂ (ઉપાધ્યાય) ની રેગ્યુલર જામીન પર મુકત થવાની આ અરજી મંજૂર કરવામાં આવે છે.

(૨) દરેક અરજદાર/આરોપી રૂા.૨૫,૦૦૦/–(પચ્ચીસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરે તો અરજદાર / આરોપીને તેમના વિરૂધ્ધ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૨૦૬૦૩૮૨૬૦૫૧૯/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૨૬(૨), ૭૫(૧), ૫૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૧)(ડબ્લ્યુ)(૧)(૨), ૩(૧) (ઝેડ–એ)(સી), ૩(૨)(૫એ) મુજબના ગુના કામેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :**

(૧) દરેક અરજદાર/આરોપીએ ટ્રાયલ ચલાવનાર અદાલતમાં તેમજ તપાસ કરનાર સમક્ષ જરૂર પડયે નિયમીત હાજર રહેવું.

(૨) દરેક અરજદાર/આરોપીએ ટ્રાયલ ચલાવનાર અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૩) દરેક અરજદાર/આરોપીએ મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહીં.

(૪) દરેક અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી કે સાહેદોને ધાકધમકી કરવી નહી કે સાહેદોને સીધી કે આડકતરી રીતે લોભ, લાલચ કે પ્રલોભન આપવું નહી.

(૫) દરેક અરજદાર/આરોપીએ ભવિષ્યમાં આવા પ્રકારના ગુનાનું પુનરાવર્તન થાય કે અન્ય કોઈ પણ પ્રકારના ગુન્હાનુ પુનરાવર્તન થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહી.

(૬) દરેક અરજદાર/આરોપીએ તથા તેમના જામીનદારે તેમના વર્તમાન રહેઠાણનું સરનામું તથા વતનનું કાયમી સરનામું યોગ્ય પુરાવો રજૂ કરી જણાવવું તથા પોતાનો મોબાઈલ / ટેલીફોન નંબર અદાલત સમક્ષ તેમજ તપાસ કરનાર અમલદાર સમક્ષ સોગંદ પર જાહેર કરવા અને ટ્રાયલ ચલાવનાર અદાલતની પૂર્વ પરવાનગી સિવાય જાહેર કરેલ સરનામામાં કે મોબાઈલ/ટેલીફોન નંબરમાં ફેરફાર કરવો નહી.

(૭) જો અરજદાર પાસપોર્ટ ધરાવતા હોય તો તે પાસપોર્ટ વિ. ટ્રાયલ અદાલત સમક્ષ દિવસ–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે મતલબનું સોગંદનામું દિવસ–૩ માં કરવું.

(૮) દરેક અરજદાર/આરોપીએ સદરહુ ગુન્હા કામે ચાર્જશીટ ન થાય ત્યાં સુધી દરેક મહીનાની ૧ થી ૫ તારીખ દરમ્યાન સવારના ૧૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન સંબંધીત પો.સ્ટેશને હાજરી પુરાવવી.

(૩) દરેક અરજદાર/આરોપીએ હુકમ મુજબના જામીન તથા જાત–મુચરકો અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવા.

(૪) આ હુકમના તારણો માત્ર આ જામીન અરજીના નિર્ણય અંગેના તબકકે જ કરવામાં આવેલ હોઇ તે તારણોથી તપાસ કે ટ્રાયલ ને કોઈ અસર થશે નહી.

હુકમ આજ તારીખ ૨૧, ઓગષ્ટ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૮/૨૦૨૬
સ્થળ : મહેસાણા

(સુશીલ ભગવંતરાય ભટ્ટ)
ચોથા એડીશ્નલ સેસન્સ જજ અને
સ્પેશયલ જજ (પોકસો),મહેસાણા.
(UIC:GJ 00857)